/



ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૧-૭૧૧-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૬/૦૬/૨૦૧૩

- 6 JUN 2013

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૧૧-૭૧૧-ક

(૨) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૧૦-૧૨-૨૦૧૨ના પત્ર ક્રમાંક: રાપબો/TET-HTAT/ ૨૦૧૨/૪૩૭૩-૭૪.

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૨-૧-૨૦૧૩ના પત્ર ક્રમાંક: પ્રાશિનિ./નીતિ/૧૨/ક/૯૫.

(૪) નામ.ગુજરાત હાઈકોર્ટ એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨માં આપેલ તા.૧૭/૯/૨૦૧૨નો ચૂકાદો તેમજ સી.એ.નં.૧૩૯૨૯/૨૦૧૨ અને સી.એ.નં.૧૩૯૩૦/૨૦૧૨ ઇન એલ.પી.એ.નં.૧૬૫૦/૨૦૧૨ ઇન એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨

સુધારા ઠરાવ :-

૧. શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના સંદર્ભ(૧)માં દર્શાવેલા ઠરાવનો હાલનો ફકરા ક્રમાંક:૨(iv)બ(vi)(1) સંદર્ભ-(૨) માં દર્શાવેલ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૧૦-૧૨-૨૦૧૨ ના પત્રથી થયેલ દરખાસ્ત લક્ષમાં લઇ નીચે મુજબ સુધારવામાં આવે છે.

(1) આ વિભાગમાં નીચેના વિષયો પૈકી જે તે ઉમેદવારે પોતાની લાયકાત મુજબના વિષય રાખવાના રહેશે.

- ગણિત અને વિજ્ઞાન **અથવા**
- ભાષાઓ (અંગ્રેજી ૨૦ ગુણ, ગુજરાતી:૨૦ ગુણ, હિંદી:૨૦ ગુણ અને સંસ્કૃત:૧૫ ગુણ)

**અથવા**

- સામાજિક વિજ્ઞાન (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વગેરે)

૨. ઉકત ઠરાવનો ફકરો ૩(બ) નીચે મુજબ સુધારવામાં આવે છે.

(બ) ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ ૬ થી ૮ માટેના ઉમેદવારો વિભાગ-૧ અને વિભાગ-૨માં બંને મળી ઓછામાં ઓછા ૬૦ ટકા મેળવેલ હશે તો જ પાસ ગણાશે.

૩. ઉકત ઠરાવનો ફકરો (૫) નીચે મુજબ સુધારવામાં આવે છે.

" શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની રહેશે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયત કરવામાં આવતી નથી. ગમે તેટલા પ્રયત્નો આ

કસોટી આપવા માટે માન્ય રહેશે. એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી કોઇ પણ ઉમેદવાર પોતાની ગુણાત્મક સુધારણા અને સારા મેરીટ માટે એક કરતાં વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર શિક્ષકની ભરતી માટે ટેટની પરીક્ષા પાસ કર્યાનું જે પ્રમાણપત્ર રજુ કરશે તે ધ્યાનમાં લેવામાં આવશે. ઉમેદવાર ઇચ્છે તો શિક્ષક યોગ્યતા કસોટી પ્રાથમિક શિક્ષક માટે તેમજ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બન્ને માટે આપી શકશે. "

ઉપર મુજબના સુધારા પૈકી ફકરા (૩)માં દર્શાવેલ સુધારો નામ.ગુજરાત હાઇકોર્ટ ધ્વારા એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨માં આપેલ તા.૧૭-૯-૨૦૧૨નો ચુકાદો અને તેની સામે કેટલાક ઉમેદવારોએ કરેલ સી.એ.નં.૧૩૯૨૯/૨૦૧૨ તેમજ સી.એ.નં.૧૩૯૩૦/૨૦૧૨ ઇન એલ.પી.એ.નં.૧૬૫૦/૨૦૧૨ અને ૧૬૫૧/૨૧૦૨ ઇન એસ.સી.એ.નં.૧૧૨૩૪/૨૦૧૨માં કરેલ છે, તેમાનાં નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૦૩-૦૫-૨૦૧૩ના ચુકાદાને ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ છે. આ સુધારો આમ છતાં સદરહુ બન્ને એલ.પી.એ.ના આખરી ચુકાદાને આધીન રહેશે તેમ સ્પષ્ટ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
~~નાયબ સચિવ~~,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક મંડળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઈન મુકવા સારું)
- સિલેક્ટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.